ક્રમાંક. સ્ટેમ્પ– કયદ– ૧૦૯ – ૨૦૦૮/૨૫૫૦

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩–સી,ખ–રોડ,
ગાંધીનગર,
તા.૪ /૬/૦૮

**પરિપત્રઃ–**

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ–૧૯૫૯ની કલમ–૨ (જી) "માલીકી ફેરખત" ની વ્યાખ્યા મુજબ મિલકતની તબદીલી માટેના પ્રત્યેક લેખમાં અધિનિયમની કલમ–૩૨–કની જોગવાઈ ને આધિન અનુસુચિ–૧ આર્ટિકલ –૨૦ મુજબ સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની હોય છે. તા. ૧૧/૬/૦૪ થી દાખલ કરેલ કલમ–૩૨–ક ના પરંતુકથી ગુજરાત હાઉસીગ બોર્ડએ કરેલ લેખમાં જણાવેલ અવેજ એવા લેખનો વિષય હોય એવી કોઈ મિલકતની ખરીબજારકિંમત ગણવાની થાય છે. તાજેતરમાં અત્રે ધ્યાને આવેલ છે કે, ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા ફાળવવામાં આવેલ મકાનો / મિલકતો મુળ લાભાર્થીને નામે તબદીલ કરવા સંબંધે દસ્તાવેજ થયેલ ન હતા.આવા લાભાર્થી ધ્વારા આવી મિલકતો અન્ય વ્યકિતને નામે "મુખત્યાર નામું " કરી વેચાણ આપવામાં આવેલ હતી. તેમજ મુખત્યાર નામા આધારે મિલકતનો કબજો પણ તબદીલ થયેલ હતો. ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા આવી મિલકતો અંગે માત્ર તબદીલીની ફી લઈ મિલકતો એક કરતાં વધુ વાર તબદીલ કરવામાં આવેલ છે.

મિલકત તબદીલી અધિનિયમ– ૧૮૮૨ ની કલમ ૫૪ તથા નોંધણી અધિનિયમ –૧૯૦૮ ની કલમ–૧૭ મુજબ સ્થાવર મિલકતની તબદીલી નોંધણી થયેલ દસ્તાવેજ સિવાય થઈ શકે નહી છતાં ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા આવી મિલકતો મુખત્યાર નામા આધારે અથવા અન્ય લખાણ આધારે આધારે મૂળ એલોટી સિવાય તબદીલ કરેલ હોય તો તે અંગે ખાત્રી કરાવવી અને જો ,

(૧) ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા પ્રથમ ફાળવણી થયેલ હોય તેવી વ્યકિતને હાઉસીગ બોર્ડ ધ્વારા દસ્તાવેજ કરી આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં લેખમાં જણાવેલ અવેજ તેવા લેખનો વિષય હોય એવી કોઈ મિલકતની ખરી બજાર કિમત ગણવાની રહેશે.

પરિપત્ર ... ૪/૬/૦૮

૪૦૮૭ ... ૮૯૮૨ ... ૪/૬/૦૮

(૨) ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા પ્રથમ ફાળવણી થયેલ હોય તેવી વ્યકિતને દસ્તાવેજ કરી આપવામાં આવેલ ન હોય અને આવી વ્યકિત ધ્વારા અન્ય વ્યકિતને મુખત્યારનામા અથવા અન્ય લેખ આધારે મિલકતનો કબજો તબદીલી કરવામાં આવેલ હોય અને ગુજરાત હાઉસીગ બોર્ડ ધ્વારા પ્રથમ ફાળવણી થયેલ હોય તે સિવાયની વ્યકિતને લેખ કરી આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં લેખમાં અધિનિયમની કલમ–૩૨–ક હેઠળ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. આવા કિસ્સામાં અરજદારને અસલ લેખ પરત કરવામાં આવેલ હોય, તો અધિનિયમની કલમ–૩૨–ક (૪) હેઠળ કાર્યવાહી હાથ ધરવાની રહેશે .

(૩) જે કિસ્સામાં મુખત્યાર નામા આધારે મિલકત તબદીલી થયેલ હોય તેવા કિસસામાં આવા મુખત્યારનામા માલિકી ફેરખત પ્રકારના બનતા હોવાથી અધિનિયમની કલમ–૩૩ હેઠળ અટકાયત કરી ખુટતી સ્ટેમ્પ ડયુટી દંડ સહીત વસુલલેવા તાકીદે કાર્યવાહી હાથધરવા તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને જણાવવામાં આવે છે. તથા કરવામાં આવેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા જણાવવામાં આવે છે.

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય ,ગાંધીનગરવતી.

નોધ ઉપર સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રીના આદેશાનુસાર

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર,
...................... (તમામ)

**નકલ સવિનય રવાના:**–(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ હ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.
(૨) જિલ્લા કલેકટરશ્રી, .......... (તમામ) તરફ જાણ સારુ.

નકલ રવાના:– (૧) અધિક કલેકટર શ્રી (અપીલ ) ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી , ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગાંધીનગર
(૫) નાયબ મદદ. સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી,(કાયદા, મહેકમ, તપાસણી)
(૬) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષકશ્રી (નક્ષણ ) પરીપત્રના અમલ સારુ.
(૭) સિલેકટ ફાઈલ